# અંબાજી ભાદરવી મહામેળાનો પ્રારંભ

## આનંદ ઉત્સાહ અને ભક્તિમય માહોલમાં અંબાજી ભાદરવી મહામેળાનો કલેકટર સંદીપ સાગલેના હસ્તે વિધિવત પ્રારંભ થયો : ૩૦ લાખથી વધુ પદયાત્રીકો માટે કરાયેલ વ્યાપક સૂવિધાઓ




પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા.૧૯ થી ૨૫ સપ?ટેમ્બર દરમિયાન યોજાનાર ભાદરવી પુનમના મહામેળાનો કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી સંદીપ સાગલેના હસ્તે અંબાજી ખાતે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. અંબાજી મુકામે દાંતા રોડ ઉપર આવેલ પ્રદર્શન ગેલેરીની બાજુમાં, મેઈન રોડ ઉપર કલેકટરશ્રીના હસ્તે માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે અને ભક્તિભાવથી પૂજા-અર્ચના કરીને કલેકટરશ્રી સહિત મહાનુભાવો અને માઈભક્તોએ રથને થોડેક સુધી ખેંચીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ સમયે ઉપસ્થિત હજારો માઈભક્તો પદયાત્રીકોએ માતાજીના ગગનચૂંબી જયઘોષ કર્યા હતા. પ્રદર્શન ડોમમાં માહિતી ખાતાના અદ્યતન પ્રદર્શનનુ કલેકટરશ્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતુ. કલેકટરશ્રીએ પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યુ હતુ.

આ પ્રસંગે પ્રદર્શન ડોમમાં બનાવેલ મંદીરમાં કલેકટર શ્રી સંદીપ સાગલેના હસ્તે માતાજીની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. મેળાની સંપૂર્ણ સફળતા માટે અને લાખો માઈભક્તોની અંબાજીની યાત્રા સુખરૂપ સંપન્ન થાય તે માટે કલેકટરશ્રીએ માતાજીને પ્રાર્થના કરી હતી.





મીડિયાને માહિતી આપતાં કલેકટર શ્રી સંદીપ સાગલેએ જણાવ્યું હતું કે, માતાજીના દર્શનાર્થે આવતા યાત્રીકોને વંદન કરું છું. તેમણે કહ્યું કે, લાખો યાત્રિકો માટે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહિવટીતંત્ર દ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ પૂરતા પ્રમાણમાં કરવામાં આવી છે. અંબાજી, ગબ્બર અને રસ્તાઓ ઉપર વિસામો, આરોગ્ય, વીજળી, પીવાનુ પાણી, સુરક્ષા, પરિવહન અને પાર્કિંગ અંબાજી મુકામે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે ભોજનની સુવિધા સહિત તમામ વ્યવસ્થાઓ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ બનાવાઇ હોવાનો કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

કલેકટર શ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે, મેળા પ્રસંગે ૩૦ લાખથી વધુ યાત્રિકો આવવાની ધારણા છે તે પ્રમાણે બધી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમણે કહ્યું કે, ખોવાયેલ બાળકો માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ નાના બાળકોને માતાઓ દ્વારા દુધ પીવડાવવા માટે બ્રેસ્ટ ફિડિંગની સુવિધા પણ કરવામાં આવી છે. દિવ્યાંગ વ્યક્તિઓ, સિનિયર સિટીઝન નાગરિકો માટે અંબાજી નજીક આવેલ કામાક્ષી મંદીરથી અંબાજી સુધી ૪ એસ.ટી બસો વિનામુલ્યે પ્રવાસ માટે મુકવામાં આવી છે.

કલેકટરશ્રીએ અંબાજી ખાતે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ બનાવેલ વિનામુલ્યે ભોજન સુવિધાનો પણ પ્રારંભ કરાવ્યો હતો. રસ્તાઓ ઉપર પદયાત્રા કરીને ચાલતા પદયાત્રીકો સાથે પણ કલેકટરશ્રીએ વાતચીત કરી પ્રતિભાવ જાણ્યા હતા. આ અંગે મીડિયાને માહિતી આપતા કલેકટરશ્રીએ જણાવ્યું કે, સ્વચ્છતા જાળવવા વિવિધ સેવાકેમ્પોના સંચાલકો અને પદયાત્રા કરીને આવતા સંઘના લોકો સાથે અગાઉ વાતચીત અને ચર્ચા-વિચારણા કરવામાં આવી છે તે પ્રમાણે સૌ સ્વચ્છતા જાળવવા સહયોગ આપશે.






### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં પગપાળા પદયાત્રીઓનું અંબાજી તરફ પ્રયાણ

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પગપાળા પદયાત્રીઓનું અંબાજી તરફ પ્રયાણ થઈ રહ્યું છે.બોલ મારી અંબે...જય જય અંબે...નો ગગન ભેદી નાદ ઠેર-ઠેર ગુંજી ઉઠ્યો છે.પગપાળા પદયાત્રીઓની ધોરીમાર્ગો ઉપર ઠેર-ઠેર માનવ સાંકળ રચાઈ છે.ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર વિસામા અને સેવા કેન્દ્રો ધમધમી ઉઠ્યા છે.જગવિખ્યાત સુપ્રસિધ્ધ જગતજનની જગદંબા માંના દર્શન તેમજ ભાદરવી પુનમના મહામેળામાં હરવા-ફરવાની સાથે-સાથે ગુજરાત રાજ્ય,રાજસ્થાન રાજ્ય,મહારાષ્ટ્ર રાજ્ય,મધ્યપ્રદેશ રાજ્ય સહિત વિવિધ રાજ્યોમાંથી પગપાળા યાત્રાળુઓ અંબાજીધામ તરફ ધીમે-ધીમે પગપાળા આગળ વધી રહ્યા છે.ભાદરવી પુનમના મેળાના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા તમામ ધોરીમાર્ગો ઉપર અંબાજી ધામ તરફ પગપાળા પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યા છે.

# સાબરકાંઠાના માર્ગો પર ભક્તોનો અવિરત પ્રવાહ

## રાત-દિવસ જય અંબેના નાદ સાથે ભક્તો વાતાવરણને ધાર્મિકમય બનાવે છે : દિવસે પડતી ગરમીને કારણે પદયાત્રીઓ રાત્રે વધુ ચાલે છે

હિંમતનગર, તા. ૧૯

બનાસકાંઠાના અંબાજી ખાતે બિરાજમાન મા અંબાના ભાદરવી પુનમના મેળાનો બુધવારથી રંગેચંગે પ્રારંભ થઈ ચુક્યો છે. ત્યારે ગુજરાતના વિવિધ સ્થળેથી માઈભક્તો અંબાજી દર્શન કરવા માટે ધસારો કરી રહ્યા છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી સાબરકાંઠાના માર્ગો પર અંબાજી જતા પદયાત્રીઓનો અવિરત પ્રવાહ ચાલુ થઈ ગયો છે. જેના કારણે રાત દિવસ સાબરકાંઠાના માર્ગો જય અંબેના નાદ સાથે ગુંજી ઉઠ્યા છે.

અંબાજી ખાતે ચાલનારા સાત દિવસના મેળા દરમ્યાન ગુજરાતના વિવિધ સ્થળેથી માઈ ભક્તો પોતાની બાધા માનતા પૂર્ણ કરવાના આશયથી પગપાળા ચાલતા અથવા તો સંઘમાં રથ સાથે જોડાઈને અંબાજી જાય છે ત્યારે કેટલાક દિવસોથી માઈભક્તો પુનમ અગાઉ અંબાજી દર્શન કરવા દર વર્ષની માફક આ વર્ષે પણ નિકળી પડ્યા છે.

જેના કારણે છેલ્લા ચારેક દિવસથી અંબાજીને જોડતા સાબરકાંઠાના માર્ગો પર પદયાત્રીઓનો અવિરત પ્રવાહ ચાલુ થઈ ગયો છે. દરમિયાન અનેક સ્થળે સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓના સહયોગથી ચાલુ થયેલા વિસામા કેન્દ્રોમાં અનેક માઈભક્તોને પરાણે જમાડવામાં આવી રહ્યા છે. કેટલેક ઠેકાણે ચા-નાસ્તો તથા લીંબુ સરબતની પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાઈ છે. હિંમતનગરમાં સહકારી જીન વિસ્તારમાં શ્રીજી ગૃપ દ્વારા બુધવારથી વિસામા કેન્દ્રનો પ્રારંભ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં કરાયો છે. ત્યારે આ વિસામા કેન્દ્રમાં જિલ્લાના આર્યુવેદ વિભાગ દ્વારા સ્વાઈન ફલુના પ્રતિકાર માટે વપરાતા ઉકાળાનું વિતરણ કરાઈ રહ્યું છે.

જિલ્લાના હિંમતનગર, રાયગઢ, ગાંભોઈ, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય સ્થળેથી પસાર થઈ રહેલા પદયાત્રીઓ માટે રાતદિવસ વિસામા કેન્દ્રો ચાલી રહ્યા હોવાને કારણે માઈભક્તો દિવસ કરતા રાતે વધુ સૌ અંબાજીના માર્ગે આગળ વધી રહ્યા હોવાને કારણે તેઓ મા અંબેના નાદથી રાત્રીનું વાતાવરણ ધર્મમય બની રહ્યું છે. દરમ્યાન આણંદ જિલ્લાના ગામોમાંથી હિંમતનગર થઈ અંબાજી જઈ રહેલા પદયાત્રીઓના કહેવા મુજબ તેઓ દિવસ દરમ્યાન ૫૦ કિલોમીટર ચાલે છે અને રસ્તામાં આવતા એકાદ વિસામા કેન્દ્રમાં એક જ વખત પ્રસાદરૂપી ભોજન આરોગે છે.

જો કે આ વર્ષે અંબાજી દર્શને આવતા લોકોના ધસારાને પહોંચી વળવા માટે બુધવારથી અંબાજીના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી રાજયના વિવિધ સ્થળે બસો દોડાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ઉપરાંત સાબરકાંઠાના હિંમતનગર ખાતે આવેલ મુખ્ય બસ ડેપોમાંથી અંબાજીની મેળા માટેની બસો પણ દોડાવાઈ રહી છે. જે બસોમાં મુસાફરો વધુ હોવાને કારણે ભરચક થઈ જતા તરત જ ઉપડે છે.



હિંમતનગરમાં સુરક્ષા સેતુ સાબરકાંઠા અને પોલીસ પરિવાર તરફથી સતત આઠમા વર્ષે અંબાજી પગપાળા પદયાત્રીઓ માટે વિસામાનું આયોજન કરાયું છે, ત્યારે જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિકે પોલીસ અધિકારીઓ સાથે માતાજીની આરતી ઉતારી અને પદયાત્રીઓને ભોજન પીરસ્યું હતું.

# અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખપદે પાટીદાર જ્ઞાતિના યુવાનની નિમણુંકનો ઉગ્ર વિરોધ

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ પદે પાટીદાર જ્ઞાતિના યુવાનની નિમણુંકનો પ્રબળ વિરોધ વંટોળ દિન-પ્રતિ-દિન વધી રહ્યો છે. આદિવાસી સમાજના કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરો, નવયુવાનોએ ઉગ્ર ધારદાર રજુઆત કરી અનામત સીટ હોવાથી ફેરફાર ન કરાવવા પ્રબળ માંગણી કરાઈ છે. માંગણી ન સંતોષાય તો રાજીનામા આપવાની ચિમકી ઉચ્ચારતાં રાજકારણમાં ગરમાવો આવતા ભારે સોપો પડી ગયો હતો.

અરવલ્લી જીલ્લા યુવક કોંગ્રેસની અનામત (અનુસુચિત જન જાતિ) પ્રમુખની સીટમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ન કરવો જોઈએ તેમ આદિવાસી સમાજના કોંગ્રેસી, હોદ્દેદારો, કાર્યકરો, નવયુવકોએ જણાવ્યું હતું. અરવલ્લી જીલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ પદે પાટીદાર સમાજના નવયુવાનની વરણી જીલ્લા કોંગ્રેસ સમિતિ ધ્વારા કરાતાં આદિવાસી સમાજમાં ભારે વિરોધ વંટોળ ઉભો થઈ રહ્યો છે. યુથ કોંગ્રેસ હોદ્દેદારો, કાર્યકરો,આદિવાસી સમાજના પદાધિકારીઓએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રમુખ અમિતભાઈ ચાવડાને પત્ર લખી લેખિતમાં જાણ કરી હોવાનું જણાવ્યું હતું. જીલ્લા યુથ કોંગ્રેસ અને ભિલોડા તાલુકાના કોંગ્રેસી કાર્યકરોએ લેખિતમાં કરેલ રજુઆતમાં જણાવ્યું હતું કે ઓલ ઈન્ડીયા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાહુલ ગાંધી ધ્વારા દેશભરમાં યુથ કોંગ્રેસના પદાધિકારીઓ માટે ઈલેકશન સિસ્ટમ અમલમાં મુંકી છે. અરવલ્લી જીલ્લામાં અંદાજીત બે વર્ષ પહેલાં ઈલેકશન સિસ્ટમ થી ઈલેકશન કરાયું હતું. જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ માટેની સીટ અનુસુચિત જન જાતિ માટે અનામત જાહેર કરી છે. જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ પદે સંદિપભાઈ બરંડા સાથે જીલ્લા યુથ કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા હતા.

# ધાનેરા દલિત સમાજ દ્વારા બાબા રામદેવ પીર નેજા ચડાવી પૂજા અર્ચના કરી

ધાનેરા દલિત સમાજ દ્વારા બાબા રામદેવ પીર નેજા ચડાવી પૂજા અર્ચના કરી હતી અને ધાનેરા લાધાપુરા વિસ્તાર માં આવેલા બાબા રામદેવ પીર ના મંદિરે ત્રિદિવસીય યોજાનાર મહોત્સવ માં જોડાવા માટે ધાનેરા ની ધર્મ પ્રેમી જનતા અને અપીલ પણ કરી હતી.

વર્ષો થી ચાલી આવતી પરંપરા મુજબ આજે નોમ ના દિવસે દલિત સમાજ દ્વારા મોટી સંખ્યા લોકોએ ભેગા મળી બાબા રામદેવ પીર નેજા ચડાવ્યા હતા અને રામાપીર ની પૂજા અર્ચના કરી હતી વર્ષો થી ચાલી આવતી પરંપરા મુજબ ધાનેરા ના લાધાપુરા વિસ્તાર માં આવેલા બાબા રામદેવ પીર ના મંદિરે ભાદરવા મહિના માં ત્રિદિવસીય મ,હોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવે છે જેમાં નોમ ના દિવસે મોટી સંખ્યા માં લોકો ભેગા મળી બાબા ને નેજા ચડાવે છે અને નોમ ની રાત્રે બાબાનું જાગરણ કરી લોકો ભજન કીર્તન કરે છે તે બાદ દસમ ના દિવસે આખોદિવસ અને રાત રામાપીર ની રામધૂન ગાય છે અને તે બાદ અગિયારસ ના દિવસે બાબા રામદેવપીર ની ભવ્ય શોભાયાત્રા નીકળે છે.





**ખેડબ્રહ્માના શ્યામનગર ખાતે પદયાત્રીઓ માટે છાસ અને પાણીનો કેમ્પ શરૂ કરાયો**

ખેડબ્રહ્માના શ્યામનગર ખાતે વડાલી સત્તાવીસ સુથાર સમાજ અને પરબ હવાડા ટ્રસ્ટ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે ત્રણ દિવસીય છાસ તથા મિનરલ પાણીનો કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. છેલા પાંચ વર્ષથી સમાજ દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસગે સમાજના પ્રમુખ પરસોત્તમદાસ સુથાર, ટ્રસ્ટના પ્રમુખ મણિલાલ સુથાર, મહેન્દ્રભાઈ સુથાર, નટુભાઈ સુથાર, મનુભાઈ સુથાર તથા યુવા ગ્રુપના પ્રમુખ પ્રકાશભાઈ સુથાર તથા ઉપપ્રમુખ યોગેશભાઈ સુથાર સહિત સમાજની મહિલાઓએ સેવા આપી હતી.

# સિલાસણ ગામમાં દિપડાએ ગાયનું મારણ કરતાં ભારે ફફડાટ

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ડુંગરાળ વિસ્તાર પાસે આવેલ સિલાસણ ગામના સીમ વિસ્તાર નજીક ગૌચરના સીમાડામાં ખુંખાર દિપડાએ એક ગાયનું મારણ કરતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ખુંખાર દિપડાને પાંજરે પુરવા માટે વન વિભાગના અધિકારીઓ ધ્વારા પાંજરૂ મુંકવામાં આવે તેવી પશુ પાલકોની ઉગ્ર માંગણી છે.ખુંખાર દિપડાએ ગૌચરમાં ધોળા દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યાના અરસામાં ગાભણ ગાયનું મારણ કરતાં ખેડુતો,પશુપાલકો,શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ભયનો માહોલ ઉદ્‌ભવ્યો છે.સિલાસણ ગામના પશુ પાલકને અંદાજીત રૂા.૭૦,૦૦૦/-નું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ મગનલાલ ઠાકોર સહિત સિલાસણ ગામના પશુ પાલકોના જણાવ્યા મુજબ સિલાસણ ગામના પશુપાલક કોદરજી અળખાજી ઠાકોર ગૌચર વિસ્તારમાં ગાયો ચરાવવા માટે ગયા હતા.ખુંખાર દિપડો ખોરાકની શોધમાં જંગલ વિસ્તારમાં આંટાફેરા મારતો હતો તે દરમ્યાન ખુંખાર દિપડાએ એક ગાભણ ગાયનું મારણ કરતાં ભારે બુમરાણ મચી જવા પામી હતી.ખુંખાર દિપડો ગાયનું મારણ કરી જંગલ વિસ્તારમાં એકાએક સંતાઈ ગયો હતો.ભિલોડા વન વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવતાં વન વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે તાબડતોબ પહોંચી પંચનામુ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા શહેરમાં રાધાષ્ટમી ઉત્સવની ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં ભાદરવા સુદ આઠમને સોમવારના રોજ રાધાષ્ટમીનો ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભગવાન રાધાકૃષ્ણની પૂજા તથા સત્યનારાયણકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન સત્યનારાયણ કથાના યજમાન તરીકે રમેશભાઈ ચુનીલાલ ટાંક પરિવારે ધર્મલાભ લીધો હતો. શાસ્ત્રી વિપુલભાઈ ચોવેએ સંગીતમય કથા શ્રાવનનો શ્રોતાઓને લાભ આપ્યો હતો. મંદિરના પૂજારી જસવંતલાલ પંડ્યાએ રાધાષ્ટમીના ઉત્સવ માટે જહેમત ઉઠાવી હતી.

# ડીસામાં ત્રણ સંતાનો સાથે માતા ગુમ

ડીસા, તા. ૧૯

ડીસા શહેરમાં કડીયાકામ કરીને ગુજારો કરતા પ્રજાપતિ યુવકની પત્નિ તેના ત્રણ સંતાનો સાથે ગુમ થતાં પરીવારજનોમાં દોડધામ મચી છે. યુવકે આ બાબતે પોલીસને જાણ કરી પોતાની પત્નિ અને બાળકોને પરત લાવવા વિનંતી કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરના કચ્છીકોલોની વિરેનપાર્ક વિસ્તારમાં રહેતા ઈશ્વરભાઈ કરશનભાઈ પ્રજાપતિના ઘરેથી તા. ૧૧-૯-૧૮ના રોજ તેમની બેન ભગવતીબેન સુરેશભાઈ પ્રજાપતિ તેના ત્રણ બાળકો બે પુત્ર અને એક પુત્રી સાથે ગુમ થઈ ગઈ હતી. આ બાબતની જાણ તેના પતિ સુરેશભાઈ મેપાભાઈ પ્રજાપતિને (રહે. રવેચીનગર ડીસા, કચ્છી કોલોની)ને થતા તેણે ડીસા શહેર પશ્ચિમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે આ મહીલાનો પતિ સુરેશ પ્રજાપતિ કડીયાકામ કરી પરીવારનું ભરણપોષણ કરતો હતો. ત્યારે ત્રણ બાળકો સાથે પત્નિ ભગવતીબેન ગુમ થઈ જતાં ચિંતામાં મુકાઈ ગયો છે. આ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**ધનસુરા ટીચર્સ સોસાયટીમાં ગણપતિ મહોત્સવ**

ગણેશ ચતુર્થી મહોત્સવ ધનસુરા નગરમાં ઠેર ઠેર દાદાનું સ્થાપન કરી રોજ અર્ચના પૂજા થાય છે. દર્શનાર્થી ભક્તોની ભીડ જામે છે. ધનસુરા નગરમાં પરબડી ચોક, ચાર રસ્તા, બાયડ રોડ, બંસીધર સોસાયટી અને ટીચર્સ સોસાયટીમાં ગણેશચતુર્થીનો ઉત્સવ ૧૦ દિવસ સુધી શ્રદ્ધા અને ભક્તિથી ઉજવાય છે. ટીચર્સ સોસાયટીમાં રોજ રાત્રે આરતી બાદ મોડે સુધી ગરબા અને ભજનની રમઝટ જામે છે. સમગ્ર સોસાયટીના લોકો રોજ દાદાના દર્શન કરે છે. છેલ્લા દિવસે સમુહમાં પ્રસાદ(ભોજન)નું આયોજન કરેલ છે. સાંજે વાજતેગાજતે ટ્રેક્ટરમાં વાત્રક ખાતે દાદાને વિદાય અપાય છે.